
ગુજરાતમિત્ર
દર્પણ
પૂર્તિ
બુધવાર ૧૯ નવેમ્બર, ૨૦૨૫

# સુદાનમાં ઐતિહાસિક માનવીય કટોકટી સર્જાઈ છે



એક યુવતીએ એના નાના ભાઇને તેડી રાખ્યો હતો. જે સતત રડતો હતો. યુવતીએ એને બે વખત પાણી પીવડાવ્યું, ખવડાવવા માટે કશું હતું જ નહી. આખરે ત્રીજી વખત એ બાળકે બહેનની પીઠ પર માથું ઢાળી દીધું. એનો પ્રાણ ઉડી ગયો હતો. કીડા-મંકોડાની માફક મરતાં કંગાળ લોકો વિષે જાણવાની લોકોને મજા આવતી નથી, કારણ કે તેમાં ગ્લેમર ભળેલું હોતું નથી. દુનિયાના શક્તિશાળી દેશો આ નરસંહાર અટકાવવા માટે તત્કાળ કોઇ પગલાં ભરતાં નથી